# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડીંગ,
પહેલો માળ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૨ ફોન નં. ૦૨૮૧ -૨૩૬૨૭૦૧.

## ઔદ્યોગિક પ્લોટ, વાણીજ્ય પ્લોટનું જાહેર હરાજીથી વેચાણ

રાજકોટ પ્રાદેશિક કચેરી હેઠળની ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ, વાણીજ્ય પ્લોટ કે જે "જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" ફાળવણી કરવા સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઉપલબ્ધ મિલ્કતના નંબર, ક્ષેત્રફળ, ઔદ્યોગિક વસાહતનું નામ નીચે જણાવ્યા મુજબનું છે. કોરા **અરજી ફોર્મ રકમ રૂ.૧૧૮/-** (જીએસટી સહિત) રોકડા ભર્યેથી **તા. ૦૬/૦૯/૨૦૧૯ થી ૧૮/૦૯/૨૦૧૯** દરમ્યાન રજાના દિવસો સિવાય **સવારના ૧૧:૦૦ થી ૫.૦૦ કલાક સુધી (રીશેષ સિવાય)** પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડીંગ, પહેલો માળ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨ પરથી જ મેળવવાના રહેશે અને તેવા જ અરજીપત્રકો માન્ય ગણાશે. એક અરજીપત્રક દ્વારા એક જ પ્લોટ/શેડ/મિલ્કત માટે અરજી કરી શકાશે. (કોરા અરજીપત્રકો મેળવતા સમયે મળેલા કવરમાં જ અરજી/ભાવપત્રક રજૂ કરવા વિનંતી) કવર ઉપર વસાહતનું નામ તથા અરજી કરેલી મિલ્કતનો નંબર અવશ્ય લખવાનાં રહેશે.

## રાજકોટ રીજીયનની હરાજીમાં મુકેલ મિલ્કતોની યાદી:

| અનુ નં. | ઔદ્યોગિક વસાહત | મિલ્કતનો પ્રકાર | મિલ્કત નંબર | વિસ્તાર (ચો.મી.) | મિલ્કતની તળિયાની કિંમત (રૂ.) | ૨૫% પ્રમાણેની બાનાની રકમ (રૂ.) | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|
| ૧* | ધોરાજી (વેગડી) | વાણીજ્ય (કેન્ટીન) | ૨૯ | ૭૫૦.૦૦ | ૯૦૦૦૦૦.૦૦ | ૨૨૫૦૦૦.૦૦ | ઓટીપી |
| ૨ | ધોરાજી (વેગડી) | વાણીજ્ય પ્લોટ | ૪-એ | ૩૧૧૬.૦૦ | ૪૬૭૪૦૦૦.૦૦ | ૧૧૬૮૫૦૦.૦૦ | જનરલ |
| ૩* | લોધિકા | વાણીજ્ય પ્લોટ | સી-૫૪૪/૧ | ૯૫૦.૦૦ | ૮૦૭૫૦૦૦.૦૦ | ૨૦૧૮૭૫૦.૦૦ | ઓટીપી |
| ૪* | લોધિકા | વાણીજ્ય પ્લોટ | સી-૫૪૪/૨ | ૯૫૦.૦૦ | ૮૦૭૫૦૦૦.૦૦ | ૨૦૧૮૭૫૦.૦૦ | ઓટીપી |
| ૫ | લોધિકા | ઔદ્યોગિક પ્લોટ | જી-૨૧૦૧ | ૩૬૦.૦૦ | ૨૮૮૦૦૦૦.૦૦ | ૭૨૦૦૦૦.૦૦ | જનરલ |
| ૬ | લોધિકા | ઔદ્યોગિક પ્લોટ | જી-૧૯૬૫/૧ | ૧૦૦૦.૦૦ | ૮૦૦૦૦૦૦.૦૦ | ૨૦૦૦૦૦૦.૦૦ | જનરલ |
| ૭ | લોધિકા | ઔદ્યોગિક પ્લોટ | જી-૧૯૬૫/૨ | ૮૮૦.૦૦ | ૭૦૪૦૦૦૦.૦૦ | ૧૭૬૦૦૦૦.૦૦ | જનરલ |
| ૮ | લોધિકા | ઔદ્યોગિક પ્લોટ | જી-૧૯૬૬/૨ | ૮૮૦.૦૦ | ૭૦૪૦૦૦૦.૦૦ | ૧૭૬૦૦૦૦.૦૦ | જનરલ |
| ૯ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૧૯ | ૧૫૭૧.૮૦ | ૨૩૫૭૭૦૦.૦૦ | ૫૮૯૪૨૫.૦૦ | જનરલ (દબાણ સહિત) |
| ૧૦ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૨૦ | ૧૧૫૯.૯૫ | ૧૭૩૯૯૨૫.૦૦ | ૪૩૪૯૮૧.૩૦ | જનરલ (દબાણ સહિત) |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૨૧ | ૧૨૧૯.૦૫ | ૧૮૨૮૫૭૫.૦૦ | ૪૫૭૧૪૩.૮૦ | જનરલ (દબાણ સહિત) |
| ૧૨ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૨૨ | ૧૨૯૧.૦૫ | ૧૯૩૬૫૭૫.૦૦ | ૪૮૪૧૪૩.૮૦ | જનરલ |
| ૧૩ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૨૪ | ૧૩૯૦.૫૦ | ૨૦૮૫૭૫૦.૦૦ | ૫૨૧૪૩૭.૫૦ | જનરલ (દબાણ સહિત) |
| ૧૪ | વઘાસિયા | ઔદ્યોગિક પ્લોટ | ૨૯ | ૪૦૨૫.૪૦ | ૬૦૩૮૧૦૦.૦૦ | ૧૫૦૯૫૨૫.૦૦ | જનરલ |

ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં માત્ર ને માત્ર "આર.પી.એ.ડી." દ્વારા જ તા. ૨૫/૦૯/૨૦૧૯ સાંજના ૬:૦૦ કલાક સુધીમાં પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડિંગ, પહેલો માળ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨ ના સરનામે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. "આર.પી.એ.ડી." પોસ્ટ સિવાય અન્ય કોઈપણ માધ્યમ દ્વારા મોકલવામાં આવેલ અરજીપત્રક સ્વીકારવામાં આવેશ નહીં. કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ વંચાય તે રીતે "હરાજી માટેનું ભાવપત્રક" અચૂક લખવાનું રહેશે અને જે તે મિલ્કતનો પ્રકાર, મિલ્કત નંબર અને ઔદ્યોગિક વસાહતનું નામ પણ અવશ્ય દર્શાવવાનું રહેશે.

**ઉપર જણાવેલ કોષ્ટકના અનુક્રમ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૩ માં દર્શાવેલ મિલ્કતો દબાણ સહિત હરાજીમાં મૂકવામાં આવેલ છે. જેથી દબાણ સહિત મૂકવામાં આવેલ મિલ્કતો ઉપરથી દબાણ અરજદારે સ્વખર્ચે અને જોખમે દૂર કરવાનું રહેશે.**

*** ઉપર જણાવેલ કોષ્ટકના અનુક્રમ નં. ૧, 3, અને ૪ માં દર્શાવેલ મિલ્કતોની OTP કેટેગરી માટે હરાજીમાં મૂકવામાં આવેલ છે. જેથી આ પ્લોટ માટે માત્ર (અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જનજાતિ (ST), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC), માજી સૈનિક (EX. ARMY MAN), નિગમની વસાહતોમાં જમીન ગુમાવનાર (LAND LOOSER), તેમજ નિગમના પરિપત્ર મુજબ અને સરકારશ્રીના નિયમોનુસાર પ્રસ્થાપિત થતાં દિવ્યાંગ (PH) અરજદારો જ અરજી કરી શકશે.) OTP કેટેગરીના અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% બાનાની રકમ તથા ચકાસણી ફી કે જે ઔદ્યોગિક/વાણિજ્ય પ્લોટ માટે રૂ.૫૯૦/- છે તે "જી.આઈ.ડી.સી. રાજકોટ" Payable at Rajkot ના નામના અલગ અલગ ડી.ડી.થી જ ભરપાઈ કરવાના રહેશે. ચકાસણી ફી પરત મળવાપાત્ર નથી.**

**ઓટીપી કેટેગરી માટે અનામત રાખવામા આવેલ પ્લોટમાં જનરલ કેટેગરીના અરજદારો અરજી કરી શકશે નહીં આવી અરજી કરનારની અરજી સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેશો.**

જનરલ કેટેગરીના અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે **કિંમતના ૨૫%** બાનાની રકમ તથા ચકાસણી ફી કે જે ઔદ્યોગિક/વાણિજ્ય પ્લોટ માટે રૂ.૧,૧૮૦/- છે તે "જી.આઈ.ડી.સી. રાજકોટ" **Payable at Rajkot** ના નામના અલગ અલગ ડી.ડી.થી જ ભરપાઈ કરવાના રહેશે. ચકાસણી ફી પરત મળવાપાત્ર નથી. ઉપર દર્શાવેલ મિલ્કતોની જાહેર હરાજી તા. **૨૭/૦૯/૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે** નીચે જણાવેલ સરનામે વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, રાજકોટ ખાતે રાખવામાં આવશે.

## મળેલા ભાવપત્રકો ખોલવાનું અને જાહેર હરાજીનું સ્થળ:
## ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડીંગ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨.

ઉપર જણાવેલ મિલ્કતોની વિગતો, શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઈટ (www.gidc.gujarat.gov.in) પર મુકવામાં આવેલ છે. જે વંચાણે લીધા પછી જ ટેન્ડર ભરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં નિગમ કોઈપણ મિલ્કતને જાહેર હરાજીની યાદીમાંથી હરાજીની પ્રક્રિયા શરૂ થાય તે પહેલા બાકાત રાખી શકશે અને મિલ્કતોની વિગતો, શરતો અને અન્ય માહિતીમાં ફેરફાર કરી શકશે. વધુમાં, કોઈપણ મિલ્કતના પ્રકાર, વિસ્તાર અથવા કિંમત બાબતે કંઈપણ ફેરફાર જણાશે તો નિગમ તેમાં પણ ફેરફાર કરી શકશે અને નિગમનો નિર્ણય અંતિમ અને તમામ અરજદારોને બંધનકર્તા રહેશે. **સંપૂર્ણ વિગત સાથે મળેલ ભાવપત્રકો પૈકી કોઈપણ એક કે તમામ સ્વીકારવા કે ન સ્વીકારવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.**

સંપર્ક અધિકારી: પ્રાદેશિક મેનેજરશ્રી, જી.આઈ.ડી.સી., રાજકોટ.
ટેલીફોન નં. ૦૨૮૧ – ૨૩૬૨૭૦૧

**પ્રાદેશિક મેનેજર**
**જી.આઈ.ડી.સી., રાજકોટ.**